જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૩/૦૨/૨૦૨૧ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૮૭/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૨/૦૨/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૨૪૩	૦	૧૧૨૪૩	૧૭૩૭૫	૦	૧૭૩૭૫
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૨	૦	૪૭૦૨	૬૨૨૫	૦	૬૨૨૫
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૬૯	૦	૬૯	૨૭૬	૦	૨૭૬
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૨૮૮૬૮	૮	૨૮૮૭૬	૩૦૧૭૧	૧૫	૩૦૧૮૬
કુલ		૪૪૮૮૨	૮	૪૪૮૯૦	૫૪૦૪૭	૧૫	૫૪૦૬૨

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૯૨	૧૧,૭૮,૨૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૨૮	૧,૨૮,૦૦૦

નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત

ઇસનપુર પોલીસ સ્ટેશન :

વચગાળાના જામીન ઉપરથી ફરાર થઇ ગયેલ આરોપીને પકડી પાડી સાબરમતી સેન્ટ્રલ જેલમા મોકલી આપતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પો.કમિશ્નર શ્રી "જે" ડીવીજન સાહેબનાઓ તરફથી અવાર-નવાર નાસતા-ફરતા તથા પેરોલ/ફર્લો/ વચગાળાના જામીન ઉપરથી ફરાર આરોપીઓને શોધી કાઢવા સારૂ સુચના મળેલ હોય જે બાબતે સેકન્ડ પોલીસ ઇન્સપેક્ટર શ્રી કે.બી.સાંખલા સાહેબ ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓના સીધા માર્ગદર્શન અને સુચના મુજબ આજરોજ તા ૧૧/૦૨/૨૦૨૧ ના રોજ સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ ડી.જે.લકુમ નાઓ સર્વેલન્સ સ્કોડના માણસોની સાથે ઇસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા ઇસનપુર જયંતપાર્ક સોસાયટીના નાકે આવતા અ.હેડ.કોન્સ જાકીરખાન મહેબુબખાન તથા લોકરક્ષક મયુરસિંહ રમેશભાઇ નાઓને સયુક્ત બાતમી હકિકત મળેલ કે કાચા કામનો કેદી જેલમા સજા ભોગવી રહેલ કેદી જશવંતભાઇ ગોપાલદાસ પંચાલ ઉ.વ ૬૪ રહે, મ.નં ૨૩/૪ જયંતપાર્ક સોસાયટી ઇસનપુર અમદાવાદ શહેરનાનો સાબરમતી જેલમાથી તા ૦૩/૦૩/૨૦૨૧ ના રોજ વચગાળાની રજા ઉપર છુટીને આવેલ અને તા ૦૧/૦૧/૨૦૨૧ ના રોજ વચગાળાની રજા પુરી થતા પરત જેલમા હાજર થવાનુ હતુ પરંતુ તે જેલમા પરત હાજર ન થઇ ફરાર થઇ ગયેલ તેને આજરોજ તા ૧૧/૦૨/૨૦૨૧ ના કલાક ૧૩/૪૫ વાગે પકડી પાડી સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે તા ૧૧/૦૨/૨૦૨૧



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૮૮/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૦ કેસ કરી, ૩૬ વ્યક્તિઓને ઝડપી, ૧૪૪ લીટર દેશી દારૂ, ૧૪૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૯૦ ક્વોટર ઈંગ્લીશ દારૂ ૦૧ સ્કુટર અને ૦૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી, ૧૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૫,૩૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૮૯/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૫૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૨૯૦/૨૦૨૧**

ખાડીયા : અમરભાઈ સુરેશભાઈ પંચાલ (ઉ.વ.૩૮)(રહે.લુહારની પોળ, માણેકચોક) એ ખાડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૧૨/૨૦૨૦ બપોરના ૧/૦૦ થી તા.૧૦/૦૨/૨૦૨૧ ના કલાક ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે આરોપી (૧) બાબુલભાઈ (૨) રાજુ અલી (જેના બંનેના પુરા નામ-સરનામાની ખબર નથી તે) અને (૩) અજાણ્યો ઈસમ (ત્રણેય રહે. લકીમપુર, ડીસ્ટ્રીક્ટ ગુવાહાટી આસામ) એ ભેગામળી અમરભાઇને વિશ્વાસમા લઇ પોતાની પાસે રહેલ ડુપ્લીકેટ સોનાની ઈંટ અમરભાઇને વેચી, તેમની પાસેથી રોકડ રૂપિયા ૨૦,૦૦,૦૦૦/- અને બે મોબાઈલ ફોન કિંમત રૂપિયા ૨૪,૬૫૦/- મેળવી લઈ, અમરભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એચ.દેસાઇ ચલાવે છે.

સાયબર ક્રાઇમ : મુરલી મોહન નાયડુ (ઉ.વ.૩૩)(રહે.પંચલોક હોમ્સ, ગ્રીનઓરાની બાજુમાં, સત્યમમેવ હોસ્પીટલની પાછળ, ત્રાગડ રોડ, ન્યુ ચાંદખેડા) એ તા.૧૨/૦૨/૨૦૨૧ નારોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૧/૧૨/૨૦૨૦ થી તા.૧૪/૧૨/૨૦૨૦ દરમ્યાન આરોપી (૧) વોટસઅપ નંબર (+૧૭૮૧૮૦૬૪૫૦૯) વિજયપુરી ના નામથી વાત કરનાર (૨) બેક ઓફ ઇન્ડીયાના ખાતા ધારક અન્નારામ શેખર (૩) સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા(હૈદ્રાબાદ)ના ખાતા ધારક જી.નરસિમ્હા (૪) સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયાના ખાતા ધારક ભીમશેન (૫) ફેડરલ બેકના ખાતા ધારક તરુણ મહેરા (૬) ઇન્ડસન્ડ બેંકના ખાતા ધારક રાહુલ મેહરા એ ભેગામળી મુરલીભાઇની કંપનીના ડાયરેક્ટર રાજકુમાર જયસ્વાલના મિત્ર વિજયપુરીનુ વોટ્સઅપ હેક કરી, કોઇ અજાણી વ્યક્તિએ વિજ્યપુરીના નામથી મુરલીભાઇ સાથે વાત કરી, "તેના ભાઇનુ એકસીડન્ટ થયેલ છે, પૈસાની જરૂરીયાત છે" તેમ જણાવી, તે અજાણી વ્યક્તિએ તથા બેક એકાઉન્ટ ધારકોએ ભેગામળી અલગ-અલગ બેંક ખાતાના નંબરો આપી તેમા કુલ રૂપિયા ૩૨,૫૦,૦૦૦/- ભરાવી તે નાણા મેળવી લઇ મુરલીભાઇ સાથે વિશ્વાસઘાત અને છેંતરપીડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એસ.આર.મુછાળ ચલાવે છે.

ચોરી :- **સમાચાર યાદી નં.૨૯૧/૨૦૨૧**

ઓઢવ : નિરવભાઈ દેવચંદભાઈ પટેલ (ઉ.વ.૫૦)(રહે.પુષ્પ બંગ્લોઝ, અશોક વાટીકા આંબલી બોપલ રોડ, બોડકદેવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૦૨/૨૦૨૧ ના કલાક ૧૨/૩૦ થી ૧૨/૪૫ વાગ્યા દરમ્યાન એક એક્ટીવા પર આવેલ બે અજાણ્યા પુરૂષ તથા એક મોટર સાયકલ ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષે ભેગામળી ઓઢવ રીંગરોડ માધવ ઓર્ચીડ કોમ્પલેક્ષ "ધ ઓર્ચીડ હોટલ" થી થોડા દુર ગેરેજની સામે સર્વીસ રોડ ઉપર ઉભી રાખેલ નિરવભાઇની BMW ગાડીની ડેકી ખોલી, ડેકીમાંથી એક સુટકેસ કે જેમા રોકડ રૂપિયા ૨,૦૦,૦૦૦/- રીવોલ્વરના કારતુસ નંગ-૨૦(રીવોલ્વરનું અસલ લાઈસન્સ) તથા અગત્યના દસ્તાવેજો તથા એક લેધરની બેગ કે જેમાં બે જોડી ચશ્મા કિંમત રૂપિયા ૧૫,૦૦૦/- તથા ઘરની અને ઓફીસની ચાવીઓ તથા ઓફીસની સ્મોલ બેગ કે જેમાં ઓફીસ વર્કના કાગળો હતા તે ત્રણેય બેગો ચોરી કરી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.આર.રોહીત ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૨૯૨/૨૦૨૧**

સાબરમતી : હસમુખ રતીલાલ મકવાણા (ઉ.વ.૪૫)(રહે,પાર્વતીનગર ઇન્ડસ હોસ્પીટલની પાછળ મોટેરા રોડ સાબરમતી) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૨/૨૦૨૧ ના કલાક ૬/૩૦ વાગ્યા પહેલા કોઈપણ સમયે પોતાના ઘરે પતરાની છતની લોખંડની પાઈપ સાથે સાડીનો છેડો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી બી.પી.રોહીત ચલાવે છે.

ઓઢવ : મયુરભાઇ પ્રકાશભાઇ અમરકોટીયા (ઉ.વ.૨૩)(રહે.પંચરત્ન એવન્યુ અંબાજી મંદિરની બાજુમાં, આદિનાથનગર ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૨/૨૦૨૧ બપોરના ૧૨/૦૦ થી ૧/૦૦ વાગ્યા દરમ્યાન કોઈપણ સમયે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેન્દ્રસિંહ બળવંતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી